## ❖ પર્વતો:

| | |
|---|---|
| ગિરનાર (જિ. જૂનાગઢ) | ઊંચાઈ – 1147 મીટર, ગુજરાતનો સૌથી ઊંચો ડુંગર છે. પ્રાચીન નામ ઉજ્જયંત કે રૈવતક કે રૈવતગિરિ છે. તેનાં પાંચ શિખરો છે.<br>➢ ગોરખનાથ<br>➢ અંબામાતનું<br>➢ દત્તાત્રેયનું<br>➢ કાળકાનું શિખર<br>➢ દાતારની ટૂંક<br>સૌથી ઊંચું શિખર ગોરખનાથનું છે. |
| જેસોર (જિ. બનાસકાંઠા) | ઊંચાઈ – 1067 મીટર છે. તેને સાતપડો પણ કહે છે. ગિરનાર પછી બીજા નંબરનો ઊંચો પર્વત ગણવામાં આવે છે. આ ઉપરાંત બનાસકાંઠામાં ‘ચીકલોદર’, ‘ગુરનો ભાખરો’ ડુંગરો આવેલા છે. અરવલ્લી ગિરિમાળાનો ‘ગબ્બર ડુંગર’ અંબાજી મુકામે આવેલો છે. |
| ઈડરનો ડુંગર (જિ. બનાસકાંઠા) | ઊંચાઈ – 243 મીટર છે. |
| પાવાગઢ (જિ. પંચમહાલ) | ઊંચાઈ – 1067 મીટર છે. તેના ઉપર મહાકાળી માતાનું મંદિર આવેલુ છે. |
| ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) | ઊંચાઈ – 365 મીટર છે. તેના ઉપર ચામુંડા માતાનું મંદિર આવેલું છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાં થાંગા અને માંડવના ડુંગરો આવેલા છે. |
| રતનમાળા (જિ. દાહોદ) | બીમખેડા તાલુકામાં આવેલુ છે. અહીં રતનમાળ રીંછ અભયારણ્ય આવેલું છે. |
| સાપુતારા (જિ. ડાંગ) | ઊંચાઈ – 976 મીટર, ગુજરાતનું એકમાત્ર ગિરિમથક આવેલું છે. |

GK.rijadeja.com

| | |
|---|---|
| તારંગા (જિ. મહેસાણા) | ઊંચાઈ – 365 મીટર છે. તેના ઉપર અજિતનાથનું જૈન દેરાસર આવેલું છે. |
| શેત્રુંજ્ય (જિ. ભાવનગર) | ઊંચાઈ – 498 મીટર છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં થાપો, ઈસાળવા, શિહોરી માતા, સાત શેરી, મોરધાર, મિતિયાળા, લોંગડી, ખોખરા અને તળાજાના ડુંગરો આવેલા છે. |
| બરડો (જિ. પોરબંદર) | ઊંચાઈ – 637 મીટર છે. |
| ગીરની ટેકરી (જિ. અમરેલી) | તેમા સરકલા, ઊંચાઈ – 643 મીટર સૌથી ઊંચી છે. ગીરની ટેકરીઓ, જૂનાગઢ જિલ્લામાં પણ વિસ્તરેલી છે. |
| કચ્છના ડુંગરો (જિ. કચ્છ) | કાળો, ખાવડો, લીલિયો, ભૂજિયો, ધીણોધર, ઝુરા, વરાર, ગારો, ખડિયો, ઉમિયા, ધબવો, માંડવા, ખાત્રોડ વગેરે ડુંગરો આવેલા છે. કચ્છનો કાળો ડુંગર (437 મીટર) સૌથી ઊંચો ડુંગર છે. |
| રાજપીપળાની ટેકરી (જિ. નર્મદા) | રાજપીપળાની ટેકરીઓ નર્મદા જિલ્લામાં આવેલી છે. |
| વિલ્સન અને પારનેરાની ટેકરીઓ વલસાડ જિલ્લામાં આવેલી છે. | |
| ઓસમનો ડુંગર રાજકોટમાં જિલ્લામાં આવેલો છે. | |
| સતિયાદેવ ડુંગર જામનગર જિલ્લામાં આવેલો છે. | |

Downloaded from http://gk.rijadeja.com